ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૧/૧૮-૧૯/ 4770 તારીખ : 17 OCT 2018

કેસ ન. ૪૧/૧૮-૧૯.

પ્રતિ,
**જયસુખભાઈ લઘરાભાઈ (B.P.L.),**
ગામ : રેશમિયા, તા. ચોટીલા,,
જી. સુરેન્દ્રનગર.
મો : ૯૭૧૪૨ ૧૧૪૦૦.

**વિષય** : મીટર ફોલ્ટી હોવા છતાં વધારે રકમનું બિલ મળવા બાબત.

**સંદર્ભ** : ૧) આપનો પત્ર મળ્યા તા. ૨૫.૦૫.૧૮.
૨) બીઝેડ/ફોરમ/૪૧/૧૮-૧૯/૨૩૮૭ તા. ૩૧.૦૫.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. ૦૯.૧૦.૧૮. નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.
OK

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ:
શ્રી કાર્યપાલક ઈજનેર,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર**..

**નકલ રવાના**:–
૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર**.
૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચોટીલા**.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૧/૧૮-૧૯** ☜

વાદી :– જયસુખભાઈ લધરાભાઈ,

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ**– ૦૯/૧૦/૨૦૧૮ ◈

હાજર રહયા :– જયસુખભાઈ લધરાભાઈ, – પોતે

પ્રતિવાદી :– શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

શ્રી જયસુખભાઈ લધરાભાઈ, મુ.રેશમિયા તા. ચોટીલા ની તેમના ઘર વપરાશના વીજ બિલમાં ફોલ્ટી બીલ્લીંગ થવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૧/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ ફોરમ/ ૪૧/૧૮-૧૯ /૨૩૮૭ તા.૩૧.૦૫.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૧૮.૦૯.૧૮ તેમજ તા. ૦૯.૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર. ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ખેતીવાડી વીજ કનેકશન માં પૈસા ભર્યા હાવા છતાં કનેકશન ન મળવા બાબતની ફરીયાદ કરવામાં આવેલ છે,જેમાં તેમનાઘરવપરાશ ના વીજ કનેકશન નું વીજ મીટર બદલવા તેમજ દંડ નું વીજ બીલ રુ ૫૬૮૯૫.૪૫ આપવામાં આવેલ છે.જેના ગ્રાહક નંબર-૨૭૮૭૧/૦૧૦૫૨/૨ થી ઘર વપરાશ નુંબીપીએલ યોજના હેઠળ નુંવીજ કનેકશન ધરાવતા કંપનીના ગ્રાહક છે,જેમના દ્વારા પોતાના વીજ કનેકશન માંઓડિત રીકવરના રુ ૫૬૮૯૫.૪૫ નું વીજ બીલ આપવામાંઆવેલ છે.

૧.૨ ચોટિલા પેટા વિભાગીય કચેરી સદર ઓડિત રીપોર્ટ બાબત નો લેબ રીપોર્ટ આજ દીન સુધી રજુ કરવામાંઆવેલ નથી તેમજ સદર મીટર બરાબર હતુ. તે બાબતનું પ્રમાણપત્ર પણ આપવામાંઆવેલ નથી..

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**

૨.૧ સદર ગ્રાહક ના ખતામાંઓડિત રીકવરી ના રુ ૫૬૮૯૫.૪૫ જુલાઇ-ઓગસ્ટ-૧૭ ના માસ દરમીયાન ગ્રાહક ના ખાતે ૭૯૨૦ યુનીટ ના નાણાં ઓડિટ રીકવરી મુજબ ના ઉધારવામાં આવેલ છે.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૨ સદર ગ્રાહક નુંમીટર તા ૧૨.૦૧.૨૦૧૫ ના રોજ બદલવામાં આવેલ, પરંતુ ગ્રાહક લેબ માં પરીક્ષણ માટે હાજર ન રહેતા તેમનું મીટર તા ૧૧.૦૯.૨૦૧૫ ના રોજ લેબ પરીક્ષણ કરવામા આવેલ અને લેબમાં મીટર માં રીડીંગ ૮૪૦૭ નોંધાયેલ ,જેનો લેબ રોજ કામ નો રીપોર્ટ આ સાથે સામેલ છે. જે શરતચૂકથી ગ્રાહકના બીજા વીજ કનેક્શનના યુનીટના રીડીંગ હોવાનું માલુમ પડેલ અને તેમના મીટર ના અંતિમ રીડીંગ ૪૮૭ હોવાના કારણે ૭૯૨૦ (૮૪૦૭-૪૮૭) રીડીંગ નું વીજ બીલ ની રકમ રુ ૫૬૮૯૫.૪૫ આપના ખાતે ઉધારવામાં આવેલ છે,જેની રીકવરી ઓડિટ ટીમ દ્વારા કાઢવામાં આવેલ છે.

☞ <u>ફોરમનું તારણ</u> :- **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી જયસુખભાઈ લઘરાભાઈ ચોટીલા તાલુકાના ગામ રેશમિયામાં સિંગલ ફેઝ ઘર વપરાશનું વીજ જોડાણ ગ્રાહક નં. ૨૭૮૭૧/૦૧૦૫૨/૨ થી ધરાવે છે.

૩.૨ વાદીનું ઘર વપરાશનું મીટર તા. ૧૨.૦૧.૧૫ના રોજ બદલવામાં આવેલ. જે માટે પ્રતીવાદીએ મીટર ચેન્જનો પર્ફોર્મા નં. ૪૪૩ જુના અને નવા મીટરની વિગતો સાથે ભરેલ તે સમયે જુના મીટરના રીડિંગ ૮૪૦૭ ની નોંધ કરેલ છે. મીટર ચેન્જના પર્ફોર્માં પ્રતિવાદી દ્વારા ગ્રા.નં. ભૂલથી ૨૭૮૭૧/૦૧૧૨૭/૮ થી દર્શાવેલ છે.જયારે ગ્રાહકનું નામ જયસુખભાઈ લઘરાભાઈ સાચું દર્શાવેલ છે.

૩.૩ વાદીના વીજ મીટરના બિલમાં અંતિમ રીડિંગ ૪૮૭ હોવાથી પ્રતિવાદીએ, વાદીને ૮૪૦૭ ( મીટર બદલતી વખતેના રીડિંગ) ૪૮૭ ( વાદીના વીજબિલમાં નોંધાવેલ છેલ્લા રીડિંગના તફાવત પ્રમાણે ૭૯૨૦ યુનીટનું જેની રકમ રૂ. ૫૬,૮૫૧.૪૫ વાદીના ખાતે ઉધારવામાં આવેલ.

૩.૪ વાદીએ વીજ બિલની રકમ ન ભરતા, વાદીના વીજ જોડાણને કાયમી ધોરણે રદ કરવામાં આવેલ.

૩.૫ પ્રતિવાદીએ વાદીના વીજ જોડાણના મીટરના આનુંશાન્ગિક ડોક્યુમેન્ટ રજુ કરેલ છે જેના પરથી એવું જણાય છે કે વાદીના વીજ સ્થાપનમાં બદલાવેલ મીટરમાં ૭૯૨૦ યુનીટ ચડેલા જોવા માલુમ પડેલ છે.

૩.૬ પ્રતિવાદીની એમ્નેસ્ટી સ્કીમ નો લાભ લઇ વાદીએ તા. ૨૭.૧૨.૧૭ના રોજ સ્કીમ મુજબ ભરવાપાત્ર રકમ રૂ. ૨૮,૪૩૦=૦૦ તા. ૨૩.૦૮.૧૮ના રોજ ભરપાઈ કરી આપેલ. આમ વાદીએ તેની બાકી નીકળતી લેણી રકમને એમ્નેસ્ટી સ્કીમ મુજબ ભરપાઈ કરી આપેલ છે. અને જે તે સમયે આ સ્કીમ મુજબ ભરવા થતી રકમ અંગે કોઈ વાંધો રજુ કરેલ નથી. આથી વાદીની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

<u>**-:: હુકમ ::-**</u>

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો ના આધારે હુકમ કરવામાં આવે કે **" તારણ નં. ૩.૫ અને ૩.૬ મુજબ વાદીની રજૂઆત ગ્રાહ્ય રાખવમાં આવતી નથી.."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ:-૦૯.૧૦.૧૮.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.